| ફૂલે રીમ-ઝીમ (ફૂલે KAC 94) જીરાની ખેતી પધ્ધતિ | |
|---|---|
| ખાસિયતો | બીજનો વહેલો અને જુસ્સાદાર ઉગાવો, પાકવાના દિવસો: 105-110, છોડનો રંગ ઘેરો લીલો ગુચ્છાદાર, અન્ય જાત કરતાં સુકારા સામે વધુ રોગપ્રતિકારક શક્તિ તેમ જ વધુ ઉત્પાદન અને ઉચ્ચ ગુણવત્તાવાળો સુગંધિત દાણો. |
| જમીન અને આબોહવા | જીરાના પાકને ખાસ કરીને સારા નિતારવાળી રેતાળ, ગોરાડુ તેમજ મધ્યમ કાળી જમીન વધુ અનુકૂળ આવે છે. ઉપરાંત, આ પાકને ઠંડુ અને સૂકુ હવામાન વધુ માફક આવે છે. |
| વાવેતર સમય | નવેમ્બરના પ્રથમ પખવાડિયામાં જયારે ઠંડીની શરૂઆત થાય અને દિવસનું ઉષ્ણતામાન 30 °C થી 32 °C ની આસપાસ થાય ત્યારે કરવું જોઈએ. |
| વાવેતર અંતર અને બીજનો દર | મોટાભાગે ખેડૂતો ચાસમાં વાવણી કરવાને બદલે પૂંખીને વાવેતર કરે છે, જેને કારણે બિયારણ એકસરખા પ્રમાણમાં જમીનમાં પડતું નથી અને ભેળવાતું નથી. જેથી જીરૂનું વાવેતર હારમાં 30 સે.મી. ના અંતરે બીજનો દર હેક્ટર 8 થી 10 કિ.ગ્રા. રાખીને કરવું હિતાવહ છે. |
| ખાતર વ્યવસ્થાપન | ફોસ્ફરસયુક્ત ખાતરોનો બધો જ જથ્થો વાવણી સમયે પાયાના ખાતર તરીકે 4 થી 6 સેમી. બીજની નીચે ચાસમાં આપવાથી કાર્યક્ષમતા વધતા પાકનું ઉત્પાદન વધે છે. જીરૂના પાકમાં હેક્ટરે 15 કિલો નાઈટ્રોજન અને 15 કિલો ફોસ્ફરસ તત્વ જમીન તૈયાર કરતી વખતે આપવા. આ માટે 33 કિલો ડી.એ.પી. અને 20 કિલો યુરીયા ખાતર આપવું. બાકી રહેલો 15 કિલો નાઈટ્રોજન પૂર્તિ ખાતર તરીકે વાવણી બાદ 30 દિવસે આપવો. આ માટે 33 કિલો યુરીયા ખાતર આપવું. |
| પિયત વ્યવસ્થાપન | પિયત એ જીરૂ પાકનું જોખમી પાસું છે માટે જમીનની પ્રત અને વાતાવરણને ધ્યાને રાખી પિયત વ્યવસ્થા અપનાવવી જરૂરી છે. જીરૂના પાકમાં પ્રથમ પિયત વાવણી બાદ તુરત જ આપવું. જીરૂનો ઉગાવો 11 થી 12 દિવસે થતો હોવાથી સારા ઉગાવા માટે બીજું પિયત જમીનની પ્રત પ્રમાણે 8 થી 10 દિવસે સમયસર આપવું. ત્રીજુ પિયત નિંદામણ કર્યા બાદ 30 દિવસે આપવું અને ચોથું પિયત 50 દિવસે આપવું. |
| નિંદામણ અને આંતર ખેડ | જીરાના પાકને 45 દિવસ સુધી નિંદણમુકત રાખવો ખાસ જરૂરી છે. જયાં ખેત મજૂરો સહેલાઈથી, સસ્તા દરે મળતા હોય ત્યાં વાવણી બાદ 25-30 દિવસે અને બીજુ નિંદામણ જરૂરીયાત મુજબ 40 દિવસે કરવું. પેન્ડીમીથેલીન 1.0 કિ.ગ્રા. સક્રિયતત્વ પ્રમાણે પ્રતિ હેક્ટરે જીરૂની વાવણી પછી પ્રથમ પિયત પહેલાં અથવા પિયત પછી ભેજયુકત જમીનમાં બે થી ત્રણ દિવસે એકસરખો છંટકાવ કરવો. |

| જીરુંમાં રોગ નિયત્રંણ | |
|---|---|
| **1. કાળિયો અથવા ચરમી** | |
| **લક્ષણો** | રોગ પાકની 30 થી 35 દિવસની અવસ્થાએ દેખાય. શરૂઆતમાં પાન પર કથ્થાઇ રંગના ટપકા પડે. ધીરે ધીરે ટપકાનું કદ વધતા આખા પાન કથ્થાઈ રંગના બને. રોગની ઉગ્રતા વધતા ડાળી અને થડ પર બદામીથી કાળા રંગનાં ધાબા જોવા મળે. ધાબા પડે ત્યાંથી ડાળીઓ નમી પડે અને છેલ્લે આખો છોડ સુકાઇ જાય. નાના છોડમાં રોગ લાગે તો ફુલ બેસતા નથી. ફુલ અવસ્થાએ રોગ લાગે તો દાણા બેસતા નથી અને બેસે તો ચીમળાયેલા હલકા અને કાળા રંગના જોવા મળે. |
| **નિયત્રંણ** | • જીરાનો પાક એક જગ્યાએ દર વર્ષે ન લેવો, વાવેતર નવેમ્બર માસમાં ઠંડી ઋતુમાં કરવું.<br>• કયારા નાના રાખવા, પિયત હલકું આપવું, પછાટે પાણી ભરાવાં ના દેવું, નાઈટ્રોજનયુક્ત ખાતરનો વધુ ઉપયોગ ન કરવો, રોગિષ્ટ છોડનો ઉપાડી નાશ કરવો અને જીરાનું ઘાટુ વાવેતર ન કરવું.<br>• વાવણી પહેલાં બીજને મેન્કોઝેબ અથવા થાયરમ પૈકી એક ફૂગનાશક દવાનો એક કિલો બીયારણ દીઠ 3 ગ્રામ પ્રમાણે પટ આપવો.<br>• પાક 35-40 દિવસનો થાય એટલે મેન્કોઝેબ (35 ગ્રામ/10 લીટર) અથવા ડાયફેનકોનાઝોલ 0.025 ટકા (10 મીલી/10 લીટર) દવાનું દ્રાવણ છોડ ઉપર ધૂમાડા સ્વરૂપે પડે અને બધાજ છોડ પૂરેપૂરા ભીંજાય એ રીતે છાંટવું જોઈએ. 10 દિવસના અંતરે ત્રણ છંટકાવ કરવા. |
| **2. સુકારો** | |
| **લક્ષણો** | આ રોગ જમીનજન્ય ફુગથી થાય છે. આ રોગ લાગવાથી તંદુરસ્ત છોડના પાન અને ડાળીઓ એકાએક નમી પડે છે. સામાન્ય રીતે 25-30 દિવસનો છોડ થાય ત્યારે આ રોગ દેખાય છે. રોગનો ચેપ લાગેલ છોડ ત્યારબાદ સૂકાઈ જાય છે. રોગની શરૂઆત ખેતરમાં કૂંડીઓમાં જોવા મળે છે. જે ધીમે ધીમે વધારે વિસ્તારમાં પ્રસરે છે. રોગિષ્ઠ છોડમાં દાણા બેસતા નથી. થોડા દાણા બેસેલ હોય તેનો વિકાસ થતો નથી. તેથી દાણા ચીમળાયેલા વજનમાં હલકા, ઉતરતી ગુણવત્તાવાળા હોય છે. |
| **નિયત્રંણ** | ઉનાળે ઉંડી ખેડ કરવી, દર વર્ષે એકની એક જમીનમાં જીરૂનો પાક ન લેવો, ગળતિયા છાણિયા ખાતરનો સારા પ્રમાણમાં ઉપયોગ કરવો. મેન્કોઝેબ કે થાયરમની ૩ ગ્રામ/કિ.ગ્રા. બીજ પ્રમાણે બીજ માવજત આપવી તથા સુકારો લાગેલ છોડનો ઉપાડીને નાશ કરવો. |
| **3. ભૂકીછારો** | |
| **લક્ષણો** | આ રોગ પાકમાં ફુલ અવસ્થાએ જોવા મળે. શરૂઆતમાં છોડના નીચેના પાન અને થડ પર સફેદ ડાઘા પડે. સમય જતા ફુગની વૃધ્ધિ છોડના જમીન ઉપરના બધા જ |

<table>
<tr><td></td><td>ભાગો પર જોવા મળે. પરિણામે છોડ પર સફેદ પાવડર છાંટેલ હોય તેવું દેખાય. પાછળથી રાખોડીયા રંગમાં ફેરવાય. રોગ લાગેલ છોડનો વિકાસ અટકે. દાણા બેસતા નથી. બેસે તો સફેદ રંગનાં અને અપુરતા વિકાસવાળા હોય. પરિણામે વજન અને ગુણવતા ઘટે.</td></tr>
<tr><td>નિયત્રંણ</td><td>સંરક્ષણાત્મક પગલા તરીકે પાક 45 દિવસનો થાય કે રોગની શરૂઆત થાય કે તુરત જ દ્રાવ્ય ગંધક 0.2% (30 ગ્રામ/10 લિટર) અથવા હેક્ઝાકોનેઝોલ 0.005% (10 મિ.લી. /10 લિટર ) અથવા મેટીરામ 55 + પાયરાક્લોસ્ટ્રોબીન 5 W.G. (30 ગ્રામ/10 લિટર) ના દ્રાવણના 2 થી 3 છંટકાવ વારાફરતી કરવા.</td></tr>
<tr><td colspan="2">જીરુંમાં જીવાત નિયત્રંણ</td></tr>
<tr><td colspan="2">જીરૂમાં મુખ્યત્વે મોલોમશી, થ્રીપ્સ અને લાલ કથીરી જેવી જીવાતો જોવા મળે છે. આ જીવાતો છોડના કોઈપણ ભાગમાંથી રસ ચૂસીને નુકશાન કરે છે.</td></tr>
<tr><td>નિયત્રંણ</td><td><ul>
<li>જીરૂના પાકની સમયસર વાવણી કરવી.</li>
<li>જયારે મોલોનો ઉપદ્રવ શરૂઆતની અવસ્થાએ હોય ત્યારે મોલો સહિતના પાકનાં ભાગોને તોડીને નાશ કરવો.</li>
<li>મોલોમશી/થ્રીપ્સના નિયંત્રણ માટે 10 લીટર પાણીમાં 10 મિ.લી. ડાયમીથીઓટ અથવા 3.5 મિ.લી. ઈમીડાક્લોપ્રીડ અથવા 20 મિ.લી. કાર્બોસલ્ફાન મિશ્ર કરી 10-15 દિવસના અંતરે બે છંટકાવ કરવા.</li>
<li>નાઈટ્રોજનયુકત ખાતરનો વધુ પડતો ઉપયોગ ટાળવાથી તેમજ સેન્દ્રિય ખાતરો જેવા કે લીમડાનો ખોળ, દિવેલાનો ખોળ વાપરવાથી ચુસિયા પ્રકારી જીવાતનો ઉપદ્રવ ઘટાડી શકાય.</li>
<li>ચુસિયા જીવાતો જેવી કે મોલોમશીના પરિક્ષણ માટે પીળા ચીકણા 10 પિંજર /હેકટર પ્રમાણે ગોઠવવા.</li>
<li>થાયામેથોકઝામ 70 W.S. દવા 4.2 ગ્રામ/કિ.ગ્રા. બીજ અને ઈમીડાક્લોપ્રીડ 70 W.S. દવા 10 ગ્રામ/કિ.ગ્રા. બીજદીઠ પટ આપીને વાવણી કરવાથી મોલોનું પાકની શરૂઆતની અવસ્થાએ નિયંત્રણ મળે છે. લાલ કથીરીના અસરકારક નિયંત્રણ માટે ફેનાઝાક્વીન (10 મીલી/10 લી.) અથવા પ્રોપગાઈટ (10 મીલી/10 લી.) પાણીમાં ભેળવી છંટકાવ કરવો.</li>
</ul></td></tr>
</table>